# <u>અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર</u>

# <u>વનરક્ષક ભરતી સમિતિ ગાંધીનગર</u>

# <u>વનરક્ષક ભરતી-૨૦૧૬નું પરીણામ</u>

વનરક્ષક ભરતી સમિતિ દ્વારા વનરક્ષક ભરતી જાહેરાત ક્રમાંકઃ ૧/૨૦૧૬-૧૭થી તા.૧૦/૦૭/૨૦૧૬ના રોજ દૈનિક પત્રમાં જાહેરાત આપી ઓનલાઇન અરજી મંગાવેલ જે અન્વયે હાલ સુધીની અગત્યની માહિતી અને સુચનાઓ નીચે મુજબ છે.

- જાહેરાત આપ્યા તારીખઃ ૧૦/૦૭/૨૦૧૬
- ઓનલાઇન અરજી મેળવ્યાનો સમયગાળો તા.૧૧/૦૭/૨૦૧૬થી તા.૦૨/૦૮/૨૦૧૬.
- ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ લેખિત પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યાઃ ૬,૦૭,૨૨૭.
- રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૯/૧૦/૨૦૧૬ના રોજ લેખિત પરીક્ષા લેવામાં આવી.
- લેખિત પરીક્ષામાં એકદંરે ૪,૦૭,૭૮૩ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા.
- રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૧૧/૧૦/૨૦૧૬ના રોજ પ્રોવિઝનલ આન્સર કી વેબસાઇટ ઉપર અપલોડ કરી અને તા.૧૮/૧૦/૨૦૧૬ સુધી વાંધા સુચન માંગ્યા.
- મુદ્દત સુધી એકદંરે ૪૫૪ વાંધા સુચનો મળ્યાં.
- રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા વાંધા સુચનોને ધ્યાનમાં લઇને ફાઇનલ આન્સર કી તા.૦૨/૧૧/૨૦૧૬ના રોજ વેબસાઇટ ઉપર અપલોડ કરી.
- જાહેરાતમાં ઉલ્લેખ કરેલ વનરક્ષકની ભરતીની શરતોમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે લેખિત પરીક્ષામાં જે મુજબ ૪૦% કે ૪૦% થી વધુ (કુલ ૮૦ અથવા ૮૦થી વધુ) ગુણ મેળવનાર કુલ **<u>૯૧,૨૪૧</u>** ઉમેદવારો સફળ થયેલા છે.

- લેખિત પરીક્ષામાં ૪૦% થી ઓછા (૮૦થી ઓછા) ગુણ મેળવેલ કુલ **<u>3,૧૬,૫૪૨</u>** ઉમેદવારો અનુતિર્ણ થયેલા છે.
- લેખિત પરીક્ષામાં ઉતિર્ણ થનાર ઉમેદવારોએ મેળવેલ ગુણમાં વિધવા મહિલા ઉમેદવાર, એથલેટીક્સ તથા વિવિધ રમત ખેલકુદમાં રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિર્વસીટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરેલ હોય, એન.સી.સી. સી સર્ટીફીકેટ ધરાવનારને મળવા પાત્ર વધારાના ગુણ ઉમેરી એકદંર ગુણ (Grand Total) ગણતરીમાં રાખીને ઉમેદવારોના બેઠક નંબરને આધારે આખરી પરીણામ યાદી તૈયાર કરેલ છે.
- રાજય સરકારની વખતો વખતની સુચનાઓને ધ્યાનમાં લઇને બિન અનામત આર્થિક પછાત વર્ગ (UEWS) ના ઉમેદવારોને જનરલ કેટેગરીમાં ગણતરીમાં લેવામાં આવેલ છે.
- જે જિલ્લામાં અમુક ચોકકસ કેટેગરીની ખાલીજગ્યાઓ ન હોવા છતાં જે ઉમેદવારોએ સંલગ્ન અનામત કેટેગરીમાં ઉમેદવારી નોંધાવેલ હતી અને લેખિત પરીક્ષામાં ઉતિર્ણ થયેલ છે, તેવા ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોને તે જિલ્લામાં જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

| |
|---|
| **લેખિત પરીક્ષામાં તમામ ઉતિર્ણ (Qualified) થયેલ <u>૯૧,૨૪૧</u> ઉમેદવારોની <u>યાદી નં-૧</u>** |
| **લેખિત પરીક્ષામાં તમામ અનુતિર્ણ (Not Qualified) થયેલ <u>3,૧૬,૫૪૨</u> ઉમેદવારોની <u>યાદી નં-૨</u>** |
| **લેખિત પરિક્ષાની આખરી આન્સર કી <u>યાદી -3</u>** |
| **પોતાની OMR શીટ (ઉત્તરવહી) <u>યાદી -૪</u> તા.૦૬/૦૧/૨૦૧૭ થી જોવા મળશે.** |

**<u>નોંધ</u> :- પરિણામ અને અન્ય વિગતો જોવા જે તે યાદી ઉપર ક્લીક કરો**

- ભરતી અંગેની જાહેરાત ક્રમાંકઃ ૧/૨૦૧૬-૧૭થી તા.૧૦/૦૭/૨૦૧૬ના રોજ આપેલ જાહેરાતની સુચના નીચે મુજબ, તમામ સંવર્ગની જગ્યાઓ માટે વય-મર્યાદા, શૈક્ષણિક લાયકાત, નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ, NCC 'C' સર્ટી, રમત-ગમતનું પ્રમાણપત્ર, સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફીકેટ તા.૦૧/૦૮/૨૦૧૬ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ."
- જેથી તા.૦૧/૦૮/૨૦૧૬ પછીના કોઇપણ સર્ટીફીકેટ નિયમ મુજબ ઝોનલ સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવશે.
- જાહેરાતની સુચના મુજબ, લેખિત પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવારોને જે-તે જિલ્લાની જે-તે કેટેગરી પૈકી મેરીટના આધારે પ્રથમ તબકકે આશરે ૮ ગણા ઉમેદવારોને શારિરીક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવનાર છે.
- જરૂરીયાત પડ્યે બીજા તબક્કામાં મેરીટ અનુસાર વધુ ઉમેદવારોને શારિરીક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે.
- જિલ્લાવાર/ કેટેગરીવાર યાદીમાં સમાવેશ થનાર શારિરીક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવનાર ઉમેદવારની યાદી અલગથી ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે. જેના માટે ઓજસની / વંવિભાગની વેબસાઇટ જોતા રહેવા વિનંતી છે.
- અત્યાર સુધી વનરક્ષક ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પેપર વગરની (Paperless) હોય હાલ સુધી કોઇ મુળ (Original) ડોક્યુમેન્ટસની ચકાસણી કરવામાં આવેલ નથી. (PET) શારિરીક ક્ષમતા કસોટી પછી ડોક્યુમેન્ટ
- વેરીફીકેશન વખતે ઉમેદવારોના તમામ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે.

➢ **શારિરીક ક્ષમતા કસોટીના સ્થળ અને સંભવિત તારીખની વિગતો નીચે પ્રમાણે છે.**

| અ.નં | ઝોન | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાના નામ | શારીરીક ક્ષમતા કસોટી માટેનું સ્થળ | શારીરીક ક્ષમતા માટેની સંભવિત તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર ગુજરાત ઝોન | કચ્છ, પાટણ, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા નું કેમ્પસ , સેકટર-૧૫, ગાંધીનગર | તા.૨૮-૨૯/૦૧/૨૦૧૭ |
| ૨ | મધ્ય ગુજરાત ઝોન | વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, નડીયાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર | એસ.આર.પી ગ્રાઉન્ડ, પંચામૃત ડેરી પાસે. ગોધરા | તા.૨૮-૨૯/૦૧/૨૦૧૭ |
| ૩ | દક્ષિણ ગુજરાત ઝોન | ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી, ભરૂચ, નર્મદા | પોલીસ પરેડ ગ્રાઉન્ડ, મુખ્ય મથક, સુરત ગ્રામ્ય (સુરત) ધલુડી, સુરત, તા.કામરેજ | તા.૨૮-૨૯/૦૧/૨૦૧૭ |
| ૪ | સૌરાષ્ટ્ર ઝોન | જુનાગઢ, ગીર સોમનાથ, જામનગર, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, અમરેલી, પોરબંદર, મોરબી | પોલીસ પરેડ ગ્રાઉન્ડ, બિલ્ખા રોડ, જુનાગઢ | તા.૨૮-૨૯/૦૧/૨૦૧૭ |

**આ ભરતી સંબંધી પુછપરછ માટે નીચે જણાવેલ સરનામે કચેરી  કામકાજ ના દિવસો દરમ્યાન કલાક ૧૦:30થી ૧૮:૧૦ દરમ્યાન સંપર્ક કરવો**

**<u>સરનામુઃ</u>**

**અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,**

**એ-૧, અરણ્ય ભવન, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે, ગાંધીનગર**

**વધુ માહિતિ માટેના સંપર્ક નંબર -(૦૭૯) ૨૩૨૫૪૧૧૮,૧૯,૨૨,**

**Email - apccf.fst.adm@gmail.com**

સહી/ -

સભ્ય સચિવ,

વનરક્ષક ભરતી સમિતિ

અને

મુખ્ય વન સંરક્ષકશ્રી( વહીવટ)

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**ગાંધીનગર તા.-૦૪/૦૧/ ૨૦૧૭**